આંક :: ૧૨

દાખલ તારીખ: ૧૯/૦૯/૨૦૨૨

નોંધ્યા તારીખ: ૧૯/૦૯/૨૦૨૨

ચાર્જ ફ્રેમ કર્યા :: તા.૨૩/૦૨/૨૦૨૬

તપાસેલ સાહેદો ::૦૧

ફેસલ તારીખ: ૧૦/૦૪/૨૦૨૬

અવધિ: વર્ષ માસ દિવસ

***<u>અમદાવાદ ના મહેરબાન ૨૨ માં એડીશનલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની</u>***

***<u>કોર્ટમાં, કોર્ટ નં.૨૨, મુકામ:– અમદાવાદ.</u>***

**<u>ફોજદારી કેસ નંબર : ૯૨૦૯૧/૨૦૨૨</u>**

**આંક ::–**

ફરીયાદી :– શ્રી સરકાર.

વિરૂધ્ધ.

આરોપી :– (૧) વીણાબેન રજનીકાંતભાઈ સોની, ઉ.વ.૬૩,

(૨) પાર્થ ઉર્ફે લાલો રજનીકાંતભાઈ સોની, ઉ.વ.૩૬,

(૩) અંકીતાબેન પાર્થભાઈ સોની, ઉ.વ.૩૬,

(૪) ચાંદનીબેન પારસભાઈ શાહ, ઉ.વ.૪૦,

તમામ રહે. મ.નં.૦૯, બી બ્લોક ત્રીજો માળ, સવીતાપાર્ક સોસાયટી,

ગોવીંદવાડીની સામે, ઈસનપુર, અમદાવાદ.

*::–::–::–::–::–::–::–::–::–::–::–::–::–::–::–::–::–::–::–::–::–::–::–::–::–:*

***<u>ગુન્હો:– ભારતીય દંડ સંહીતાની કલમ: ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૧), ૪૨૭, ૧૧૪ તથા</u>***

***<u>જી.પી.એકટની કલમ–૧૩૫(૧) મુજબ નો...</u>***

*::–::–::–::–::–::–::–::–::–::–::–::–::–::–::–::–::–::–::–::–::–::–::–::–:*

ફરીયાદપક્ષ તરફે વિ.વ.શ્રી વી. બી. સોલંકી.

બચાવપક્ષ તરફે વિ.વ.શ્રી

<u>// ઠરાવ //</u>

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ પૈકી નં.૦૧ થી ૦૩નાઓ ગઈ તા.૨૨/૦૫/૨૦૨૨ના રોજ સાંજના આશરે સાડા છ વાગ્યાની આસપાસ પોતાના કબજાની ઈનોવા કાર જેનો આર.ટી.ઓ. નં.જી.જે.૨૭.ડી.એમ.૪૦૪૧નો હોય તે લઈને ફરિયાદીના રહેણાંકના ઘરે મ.નં.–૦૮, વિજયઘાટ સોસાયટી, શાંતીવન બસ સ્ટોપ પાસે, પાલડી, અમદાવાદ શહેર ખાતે આવી બોલાચાલી ઝઘડો કરી ગંદી ગાળો બોલી માર મારવાની ધમકી આપી ફરિયાદીના માતાને ધકકો મારી પલંગ પર પછાડી દઈ ઘરની બારી તથા ફર્નીચરને નુકસાન કરી ફરિયાદીની પત્ની તથા આરોપી નં.૦૧ની દીકરી આરોપી નં.૦૪ ચાંદની બેન નાઓને પોતાના ઘરે તેના બંને બાળકો બેલ ેજા તથા પ્રિન્સનાઓને લઈને જતા રહી ગુનો કરી ભારતીય દંડ સંહીતાની કલમ– ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૧), ૪૨૭, ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો આ અદાલતની હકુમતમાં કરેલ છે અને આ કામે તપાસ કરનાર અમલદારે તપાસના અંતે કોર્ટમાં ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) સદર કામે આરોપીઓને સમન્સ કરતાં સમન્સની બજવણી થતાં તેઓ મુદતે નામદાર કોર્ટ સમક્ષ હાજર થયેલ છે અને તેઓને પોલીસ તપાસના કાગળોની નકલો આપવામાં આવેલી. ત્યારબાદ આરોપીઓને સદર ગુના અંગેનુ આંક–૦૫ થી તહોમતનામુ વાંચી સંભળાવી આંક–૦૬ થી આંક–૦૯ સુધી નિવેદન લેતા આરોપીએ ગુનાનો ઈન્કાર કરેલ હોય, સદરહુ કામ ફરીયાદપક્ષના પુરાવા માટે રાખવામાં આવેલ છે.

(૩) આ કામે ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવો નીચે મુજબ છે.

**<u>મૌખિક પુરાવો ::–</u>**

- આંક–૦૨ પારસ વીનોદભાઈ શાહ – ફરીયાદી.

**<u>દસ્તાવેજી પુરાવો ::–</u>**

- આંક–૦૩ અસલ ફરીયાદ.
- આંક–૦૪ કલોઝિંગ પુરશીશ.
- આંક–૧૦ સોગંદનામુ.
- આંક–૧૧ સોગંદનામુ.

(૪) ફરીયાદપક્ષે ફરીયાદીએ આંક–૦૪ થી કલોઝિંગ પુરશીશ રજુ કરતા, પુરાવો પૂર્ણ થયા બાદ, આ કામે ફો.કા.સં. ની કલમ–૩૧૩ ની જોગવાઈઓ ધ્યાને લેતાં પ્રત્યેક ન્યાયીક કાર્યવાહી માં ફરીયાદપક્ષ ના સાહેદો તપાસાઈ ગયા બાદ તથા આરોપીએ પોતાના બચાવ માટે જણાવવામાં આવે ત્યાર પહેલા સમગ્ર કેસ બાબતે પુછવાની જોગવાઈ છે. જેથી આરોપી વિરૂધ્ધ ફરીયાદપક્ષે જે પુરાવો રજુ થયેલ હોય તેના ખુલાસા કરવા આરોપીને તક આપવી જોઈએ. સમગ્ર કેસની કાર્યવાહી તથા પુરાવા જોતાં આ કામે આરોપી વિરૂધ્ધ કોઈ ખુલાસા લાયક પુરાવો પડેલ નથી, આરોપી ના વિશેષ નિવેદન નો કોઈ પ્રશ્ન રહેતો નથી. વધુમાં ફો.કા.સં. ની કલમ–૩૧૩(બી) ધ્યાને લેતાં કોર્ટ ધ્વારા જયારે આરોપીની અંગત હાજરી વગર કાર્યવાહી કરેલ હોય ત્યારે ફો.કા.સં. ની કલમ –૩૧૩(૧)(બી) માં જણાવેલી તપાસણી વગર કેસ નો નિર્ણય કરી શકાશે. આમ, ઉપરોકત કરેલ ચર્ચા મુજબ ફો.કા.સં. ની કલમ–૩૧૩ અન્વયે નું આરોપીનું નિવેદન લીધેલ નથી તેમજ/અથવા જરૂર જણાય આવતી નથી. જેથી ફરીયાદપક્ષ તરફે કોઈ દલીલો નથી કે કોઈ રજુઆત નથી. આ કામે આરોપી તરફે વિ.વ.શ્રી ને સાંભળ્યા.

(૫) ઉપરોકત હકીકતોએ નીચે મુજબના મુદ્દાઓ અત્રેની કોર્ટ ના નિર્ણય માટે ઉપસ્થિત થાય છે.

## // મુદ્દાઓ //

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ પૈકી નં.૦૧ થી ૦૩નાઓ ગઈ તા.૨૨/૦૫/૨૦૨૨ના રોજ સાંજના આશરે સાડા છ વાગ્યાની આસપાસ પોતાના કબજાની ઈનોવા કાર જેનો આર.ટી.ઓ. નં.જી.જે.૨૭.ડી.એમ.૪૦૪૧નો હોય તે લઈને ફરિયાદીના રહેણાંકના ઘરે મ.નં.–૦૮, વિજયઘાટ સોસાયટી, શાંતીવન બસ સ્ટોપ પાસે, પાલડી, અમદાવાદ શહેર ખાતે આવી બોલાચાલી ઝઘડો કરી ગંદી ગાળો બોલી માર મારવાની ધમકી આપી ફરિયાદીના માતાને ધકકો મારી પલંગ પર પછાડી દઈ ઘરની બારી

તથા ફર્નીચરને નુકસાન કરી ફરિયાદીની પત્ની તથા આરોપી નં.૦૧ની દીકરી આરોપી નં.૦૪ ચાંદની બેન નાઓને પોતાના ઘરે તેના બંને બાળકો બેલેજા તથા પ્રિન્સનાઓને લઈને જતા રહી ગુનો કરી ભારતીય દંડ સંહીતાની કલમ–૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૧), ૪૨૭, ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

(૨) શું હુકમ ?

(૫)... ઉપરોકત મુદ્દાના અત્રેની કોર્ટ ના નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં,

(૨) આખરી હુકમ મુજબ.

**<u>// કા ર ણો //</u>**

**<u>મુદ્દા નંબર:૧ તથા ર ::–</u>**

***<u>પુરાવા નું મુલ્યાંકન ::–</u>***

- સદર કામે આરોપીઓ ઉપર મુકવામાં આવેલ ગુનાના આક્ષેપો પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે તપાસેલ સાહેદ પોતાની સરતપાસ માં બનાવ ની હકીકતોને અંશત: સમર્થન આપેલ છે. પરંતુ આરોપીઓને તેઓએ જોયેલ ન હોય, કોણ હતા તે કહી શકે તેમ નથી. આમ, સાહેદ એ બનાવ ની હકીકતો ને સમર્થન આપેલ નથી કે તે બાબતે કોઈ હકીકતો વર્ણવતા ન હોય, તેઓ ફરીયાદપક્ષ ના કેસ ને મદદરૂપ થયેલ નથી. જેથી આ કામે આરોપીએ ફરીયાદીને જોઈ લેવાની તથા ટાંટીયા ભાંગી નાખવાની તેમજ અભદ્ર ભાષા માં વાત કરેલ હોવાની હકીકત તેમની જુબાની માં જણાવતા ન હોય, ફરીયાદપક્ષ ના કેસ ની હકીકતો તથા ફરીયાદ ની હકીકતો તથા મૌખિક પુરાવા માં મહત્વ નો વિરોધાભાસ જણાય આવતો હોય, સદર કામે ગુનો પુરવાર થતો હોય તે માનવા ને કોઈ કારણ જણાય આવતુ નથી. વધુમાં આ કામે આંક–૧૦ અને આંક–૧૧થી સાહેદ વિનોદભાઈ લીલચંદભાઈ શાહ તથા જીતુમતીબેન વિનોદભાઈ શાહનાઓ તેમના સોગંદનામામાં જણાવે છે કે ઉંમરલાયક વ્યકિત હોવાથી અને તેમનુ તાજેતરમાં ધુંટણનુ ઓપરેશન કરાવેલ હોવાથી કોર્ટમાં હાજર રહી શકતા ન હોય તેમને સદર કેસ આગળ ચલાવવા માંગતા નથી. જેથી તેમને એફિડેવિટથી આ જાહેર કરે છે.

- આમ, જયારે ફરિયાદી કે જેઓ ભોગ બનનાર સાહેદ છે તે ફરિયાદપક્ષના કેસને સમર્થન આપતાં ન હોય અને  ફરિયાદપક્ષ આરોપી સામેનો કેસ સાબિત કરવામાં સદંતર નિષ્ફળ રહેતા હોય અને પડેલ પુરાવાથી કોર્ટને એવું જણાઈ આવે કે, બાકી સાહેદોને તપાસવાથી પણ ફરિયાદપક્ષ પોતાનો કેસ સાબિત કરવામાં સફળ થાય તેમ નથી, ત્યારે કોર્ટને વધુને વધુ સાક્ષીઓ તપાસવાની ઔપચારિકતા નિભાવીને કોર્ટનો મૂલ્યવાન સમય વેડફવો ન જોઈએ અને ઉપરોકત  સિધ્ધાંત નામદાર સુપ્રિમ કોર્ટ દવારા પોતાના ચુકાદા જેવા કે, (૧) ૧૯૯૬(૩) ક્રાઇમ્સ પાના નંબર : ૮૫ સતીષ મહેતા વિ. દિલ્હી એડમીનેસ્ટ્રેશન અને  (૨) ૨૦૦૮(૩)–ક્રિ. લો. જર્નલ – ૨૨૪૩, મદન મોહન અબ્બોટ વિ. સ્ટેટ ઓફ પંજાબ અને હરીયાણા–સુપ્રિમ કોર્ટમાં પ્રસ્થાપિત કરવામાં આવેલા છે. સદર સિધ્ધાંતને અનુસરીને અત્રે ની અદાલત દવારા ફરિયાદપક્ષનો પુરાવો પૂર્ણ કરેલ છે અને પડેલ પુરાવાથી ફરિયાદપક્ષ આરોપી સામે નો કેસ નિ:શંકપણે સાબીત કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ હોવાના તારણ પર આવેલ છે.
- ઉપર મુજબ કેસની હકિકતો, પડેલ પુરાવા તથા કાયદાની પરિસ્થિતિ જોતાં ફોજદારી કેસોમાં કેસ પુરવાર કરવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહેલો છે અને ફરીયાદ પક્ષે પોતાનો કેસ સબળ પુરાવાથી નિ:શંક રીતે પુરવાર કરવાનો રહે છે. આ કામે તપાસવામાં આવેલ ફરીયાદીનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો આ કામે તપાસવામાં આવેલ ફરીયાદીની સરતપાસ, ઉલટ તપાસમાં ફરીયાદ કેસની હકીકતોથી તદ્દન વીરોધાભાસી હકીકતો જણાઈ આવે છે. તે સંજોગોમાં આ કામના આરોપીઓએ પૈકી નં.૦૧ થી ૦૩નાઓ ગઈ તા.૨૨/૦૫/૨૦૨૨ના રોજ સાંજના આશરે સાડા છ વાગ્યાની આસપાસ પોતાના કબજાની ઈનોવા કાર જેનો આર.ટી.ઓ. નં .જી.જે.૨૭.ડી.એમ.૪૦૪૧નો હોય તે લઈને ફરિયાદીના રહેણાંકના ઘરે મ.નં.–૦૮, વિજયઘાટ સોસાયટી, શાંતીવન બસ સ્ટોપ પાસે, પાલડી, અમદાવાદ શહેર ખાતે આવી બોલાચાલી ઝઘડો કરી ગંદી ગાળો બોલી માર મારવાની ધમકી આપી ફરિયાદીના માતાને ધકકો મારી પલંગ પર પછાડી દઈ ઘરની બારી તથા ફર્નીચરને નુકસાન કરી ફરિયાદીની પત્ની તથા આરોપી નં.૦૧ની દીકરી આરોપી નં.૦૪ ચાંદની બેન નાઓને પોતાના ઘરે તેના બંને બાળકો બેલેજા તથા પ્રિન્સનાઓને લઈને જતા રહી ગુનો કરી ભારતીય દંડ સંહીતાની કલમ– ૩૨૩, ૨૯૪(ખ),

૫૦૬(૧), ૪૨૭, ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧) મુજબ નો ગુનો કરેલ હોવાનુ રેકર્ડ ઉપર પુરવાર કરી શકેલ નથી. જે સંજોગોમાં ફરીયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ ન હોય મુદા નંબર–૧ નો જવાબ નકારમાં આપી મુદા નંબર–૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

***//આ ખ રી હુ ક મ//***

- આ કામના આરોપીને ફો.કા.સં. ની કલમ ૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહીતાની કલમ–૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૧), ૪૨૭, ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧) મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવા નો હુકમ કરવામા આવે છે.
- ફોજદારી કાર્યવાહી સંહિતામાં થયેલ નવા સુધારા મુજબ કલમ–૪૩૭(એ) અન્વયે હાલ નાં આરોપીઓએ રૂ.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર) પૂરાનાં છ મહીના નાં સમયગાળા સુધીનાં સધ્ધર જામીન તથા જાત મુચરકા અત્રેની અદાલત માં રજુ કરવાં.
- ગુનાના કામે કબજે કરેલ બીનકિંમતી મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમોનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ :૧૦મી, માહે :એપ્રિલ, સને : ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ: અમદાવાદ.

( ડો. ભારતી ગોવિંદભાઈ રાઠોડ)
કોડ નંબર : જીજે ૦૦૧૪૮૧
૨૨ માં એડીશનલ ચીફ જયુડીશ્યલ મેજિસ્ટ્રેટ,
કોર્ટ નં.૨૨, અમદાવાદ.